## ક્ષત્રિય-ઠાકોર સમાજની ઉપેક્ષા મોંઘી પડી શકે

**તંત્રીસ્થાનેથી...**

કેન્દ્રના મંત્રીમંડળના વિસ્તરણમાં ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી પાટીદાર ફેક્ટરને પૂરતું વજન અપાયું છે, પરંતુ ગુજરાતમાં પાટીદારો કરતાં વધુ વસતિ ધરાવતા ક્ષત્રિય-ઠાકોર સમાજની ધરાર ઉપેક્ષા થઈ હોવાની બાબત રાજકીય સમીક્ષકો ઉપરાંત ઠાકોરસેના જેવાં સંગઠનોમાં ઉગ્રતાપૂર્વક ચર્ચાવા લાગી છે. ગુજરાતમાંથી અમિત શાહ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ છે. વણિક સમાજને આટલું ઊંચું પ્રતિનિધિત્વ અગાઉ ન તો કોંગ્રેસ પાર્ટીમાં મળ્યું છે કે ન ભારતીય જનતા પાર્ટીએ એને વધુ પડતું મહત્ત્વ આપવાનું જરૂરી લેખ્યું છે. અમિત શાહ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બાદ કરતાં કેન્દ્રના સૌથી શક્તિશાળી રાષ્ટ્રીય નેતા તરીકે ઉપસી આવ્યા છે બલકે સત્તાનું વૈકલ્પિક કેન્દ્ર જ બની રહ્યા છે. એ જુદી વાત છે કે તેઓ મોદીના કહ્યાગરા અધ્યક્ષ તરીકે બિરાજમાન થયા છે અને એમની મર્યાદા જાળવીને જ ચાલતા રહ્યા છે. અમિત શાહના જ કહ્યા મુજબ કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સહિત સાત મંત્રીઓ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે, જે અત્યાર સુધીની બીજી કોઈ પણ સરકારમાં હશે એ કરતાં ઘણી મોટી સંખ્યા છે. પરંતુ જ્ઞાતિ સમીકરણોની રીતે મૂલવતાં અરુણ જેટલી, સ્મૃતિ ઈરાની, પુરુષોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયા જ જશવંતસિંહ ભાભોર પૈકી એક પણ ક્ષત્રિય કે ઠાકોર નથી તે હકીકત છે! ગુજરાતમાં છેક કેશુભાઈ પટેલની સરકાર સુધી પાટીદાર-ક્ષત્રિય સમતુલા જાળવવાનો પ્રયાસ થતો રહ્યો છે. ગુજરાતના રાજકારણમાં પાટીદારો અને ક્ષત્રિયો રહેતા આવ્યા છે. ચીમનભાઈ પટેલ અને કેશુભાઈ પટેલ પાટીદારોના નેતા જ ગણાતા રહ્યા છે. જ્યારે સામે પક્ષે માધવસિંહ સોલંકી અને શંકરસિંહ વાઘેલા ક્ષત્રિય નેતાઓ તરીકેની ઓળખ ધરાવતા રહ્યા છે. નરેન્દ્ર મોદીને 'હિંદુત્વ' મુદ્દે મોટો લાભ જરૂર મળી ગયો, પરંતુ એથી ગુજરાતમાં જ્ઞાતિ સમીકરણો નામશેષ થઈ ગયાં છે એવું માની શકાય નહીં. નરેન્દ્ર મોદીએ પણ વિધાનસભામાં જ્યાં ક્ષત્રિય-ઠાકોર સમાજના બહુમતી મતદારો હોય ત્યાં ઠાકોર કે ક્ષત્રિય ઉમેદવાર મૂકીને જ પરિણામ મેળવેલું છે. બલકે સાબરકાંઠા સંસદીય વિસ્તાર કે જ્યાં મોદી મોજાની વિરુદ્ધ સાત પૈકી છ ધારાસભાની બેઠકો કોંગ્રેસ હસ્તગત કરી હતી ત્યાં પણ મોદીએ સાવ સાધારણ કક્ષાના અલ્પશિક્ષિત ઉમેદવારને ટિકિટ આપીને શંકરસિંહ વાઘેલા જેવા મહારથીને હરાવવામાં સફળતા મેળવી હતી. ક્ષત્રિય ફેક્ટરનો રાજકીય વિનિયોગ કરીને માધવસિંહ સોલંકીએ ગુજરાતની ૧૮૨ પૈકી ૧૪૯ બેઠકો કબજે કરી સ્થાપેલો વિક્રમ આજપર્યંત તૂટ્યો નથી. આ બાબત વર્તમાન પ્રદેશ કોંગ્રેસની નેતાગીરી પણ બરાબર સમજે છે અને તેનો લાભ અંકે કરવા કૃતસંકલ્પ છે. યોગાનુયોગ પ્રદેશ કોંગ્રેસનું સુકાન પણ માધવસિંહ સોલંકીના જ સુપુત્ર ભરતસિંહ સોલંકી હસ્તક છે. ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ અલ્પેશ ઠાકોરે વર્તમાન કેન્દ્ર સરકારમાં વિસ્તરણમાં ઠાકોર સમાજની થયેલ ઉપેક્ષાની ગંભીર નોંધ લીધી છે. ભાજપ પાસે ઠાકોર સમાજના પાંચ સાંસદો છે, પરંતુ એ પૈકી કોઈને કેન્દ્ર સરકારમાં સ્થાન મળેલ નથી. લીલાધર વાઘેલા જેવા જૂનાજોગીની સત્તા વગર શોભાના ગાંઠિયા બનીને સંસદમાં પડી રહેવાનું પોસાય પણ નહીં! અલ્પેશ ઠાકોરે ઉચ્ચારેલી ચીમકી ગંભીરતાથી લેવા જેવી છે. ૨૦૧૭ની ચૂંટણીમાં 'અમારો મુખ્યમંત્રી' હશે એવી આગાહી પાછળ એમનું નક્કર ગણિત છે. નશાબંધી જેવા સમાજકલ્યાણના મુદ્દે ઠાકોર સેનાએ ગુજરાતના ક્ષત્રિય-ઠાકોર સમાજમાં નોંધપાત્ર જાગૃતિ આણી છે. રાજકીય રીતે છેલ્લાં ઘણાં વર્ષોથી હાંસિયે ધકેલાઈ ગયેલો સમાજ કેડ બાંધીને મેદાને પડે તો એ ધાર્યાં નિશાન પાડી શકે એમાં શંકાને સ્થાન નથી.

# છત્રીસ પ્રકારની પરિસ્થિતિમાં રક્તસ્ત્રાવ થાય છે

**BLEEDING (રક્ત સ્ત્રાવ)**




સવિતા બહેનને અચાનક નાકમાંથી લોહી વહેવા લાગ્યું. જોત જોતામાં તો જોવાય નહિ એટલું લોહી વહી ગયું. તાત્કાલિક ડોક્તર પાસે લઈ ગયા. ડોકટરે નાકમાં ઘોસ પીસ અને રૂના પૂમડા નાખી લોહી બંધ કરવાના બધાજ પ્રયત્ન કર્યા. જુદા જુદા પ્રકારના ઈન્જેકશન આપવામાં આવ્યા અને માંડ માંડ કલાક પછી લોહી બંધ થઈ ગયું. શું કારણ હતું?? વધારે તપાસ કરાવી... એટલે કે... ફીઝીશીયનને બતાવ્યું. ફીઝીશીયાને પોતાની રીતે તપાસ કરીને કહ્યું કે નાકમાં થયેલા બ્લીડીંગનું કારણ હતું બ્લડ પ્રેશર-જે બહુજ વધી ગયું હતું.

જાગૃતિ બહેનને નોર્મલ ડીલીવરી થયા પછી અચાનક પેશાબની જગ્યાથી બહુ લોહી જતું રહ્યું. ડોકટરે લોહીના બાટલા ચડાવ્યા. માંડ માંડ લોહી બંધ થયું. કારણ શું? ઘણી વખત નોર્મલ ડીલીવરી પછી બ્લીડીંગ થવા લાગે છે જેને PPH કહેવાય છે એટલે કે POST PREGNENCY HEMORRHAGE. જેના કારણો ઘણા હોય છે.

પંકજ ને ચાર દિવસનો તાવ હતો. શરીરે નાના નાના ચકામાં પડી ગયા હતા. તેનું PLATELETS COUNT (ત્રાક કણો) ૧૭૦૦૦ થઈ ગયા હતા. જેની નોર્મલ ૧૫૦૦૦૦ થી વધુ હોય. ડેગ્યું નો ટેસ્ટ કરાવ્યો અને તે પોઝીટીવ હતો. પણ ચકામાં નું કારણ?

ડેન્ગ્યુ ના લીધે PLATELETS COUNT ઓછો થઈ ગયો હતો અને તેના લીધે કપીલરીમાંથી લોહી વહેવાનું શરુ થઈ ગયું અને શરીરની બહારની ચામડીના કારણે અંદર ફેલાયું. જે બહાર થી ચકામાંના રૂપ માં દેખાતું હતું. જેને કાળા જામા પણ કહે છે.

હનુમાન ભાઈ સ્કૂટર પરથી પડી ગયા. ક્યાંય વાગ્યું ના હતું પણ છાતીનો ભાગ રોડ સાથે અથડાતા ફેફસામાં વાગ્યું હતું ને પાંસળી તૂટી ગઈ હતી તેના લીધે ફેફસામાંથી લોહી નીકળતું હતું અને ફેફસામાં જમા થતું હતું. શૈલેશભાઈને ગુદા મારફતે લોહી નિકળતું હતું. ખબર ન હતી પડતી કે લોહી ક્યાંથી આવે છે. શૈલેશભાઈનું હિમોગ્લાબીન ૭ ગ્રામ થઈ ગયું.

ડોક્તરને બતાવતા ખબર પડી કે પાઈલ્સની તકલીફ છે જેના હિસાબે લોહી પડે છે. સુરેશભાઈને ગુદામાંથી બહુજ વધારે લોહી નીકળતું હતું તપાસ કરાવી તો પાઈલ્સનું બ્લીડીંગ ન હતું. તો આ બ્લડ ક્યાંથી નિકાલ તું હતું? ડોકટરે તેમને કોલોનોસ્કોપી કરવાનું કહ્યું. એટલે શું? ગુદાના મારફતે આતરડાંમાં દૂરબીન વાટે જોવાથી અંદરના ભાગનો અભ્યાસ થઈ શકે. નિદાનમાં ખબર પડી કે આતરડાંમાં ચાંદા પડી ગયા છે ને તેમાંથી લોહી નીકળે છે. જેને અલ્સરેટીવ કોલાઈટીસ કહે છે.

મયંકભાઈને દાતમાંથી લોહી પડતું હતું. દાંતના ડોક્તર ને બતાવ્યું. તેમણે કહ્યું કે આ સામાન્ય બ્લીડીંગ નથી તમે લોહી નો CBC એટલે કે (COMPLET BLOOD COUNT) કરાવો. મયંકભાઈ એ લેબોરેટરીમાં CBC કરાવ્યું નિદાન થયું કે તેમને લોહી નું કેન્સર છે.

પ્રકાશભાઈને પેશાબમાંથી લોહી પડતું હતું. અસહ્ય દુખાવો થતો હતો. સોનોગ્રાફી કરાવી જેમાં તેમને પ્રોસ્ટેટની સાઈઝ મોટી હતી એમ જાણવા મળ્યું. ડોકટરે તેમને PSA નામનો ટેસ્ટ કરવાનું કહ્યું. પ્રકાશભાઈની ઉંમર ૪૦ વર્ષ હતી. છતાં પણ PSA ખુબ વધારે આવ્યું **(>100)** હતું. ડોકટરે તેમને પ્રોસ્ટેટની બાયોપ્સી કરવાનું કહ્યું. બાયોપ્સીમાં પ્રોસ્ટેટનું કેન્સરનું નિદાન થયું. રણછોડભાઈને પણ પેશાબ વાટે લોહી નિકળતું હતું. અસહ્ય દુખાવો થતો હતો. લેબોરેટરી માં પેશાબ નો ટેસ્ટ કરાવ્યો જેમાં લોહીનું પ્રમાણ વધારે હતું અને પથરી ના કણો દેખાતા હતા. ડોકટરે સોનોગ્રાફી કરવાનું કહ્યું. જેમાં પથરી છે એવું નિદાન થયું.

પથરીના કારણે લોહી પેશાબ માં આવતું હતું અને દુખાવો પણ ખુબ થતો. શકરાભાઈ ચાલતા ચાલતા પડી ગયા. બેભાન થઈ ગયા. મગજ નો C.T. & MRI નો ટેસ્ટ કરાવ્યો તો નિદાન થયું કે તેમના મગજ ની એક નસ ફાટી ગઈ છે અને લોહી નો કલોટ થઈ ગયો છે. તેનું કારણ હતું વધારે પડતું બ્લડ પ્રેસર. સુશીલાબેનનું પેટ ખુબ મોટું થઈ ગયું હતું ને દુખાવો પણ અસહ્ય થતો. સદી ઘરની દવાઓ લીધી પણ કોઈ ફરક નહોતો. આખરે સોનોગ્રાફી કરાવતા પેટમાં એક લોહીની ગાંઠ થઈ ગઈ તી જે લાગભગ કેન્સરની હોય તેવું લાગતું હતું. ઓપરેશન કાર્ય પછી ખબર પડી કે ગાંઠ ગર્ભાશયમાં હતી જે કેન્સર ની હતી.

ઉપર બધા દાખલા જોયા જેમાં બે પ્રકારના બ્લીડીંગની ચર્ચા થઈ. એક બાહ્ય (બહારનું) અને બીજું શરીરના અંદરના ભાગનું બ્લીડીંગ. બહારનું બ્લીડીંગ નજરે જોઈ શકાય છે. પરંતુ અંદરનું બ્લીડીંગ જોઈ શકાતું નથી. માટે તે જોખમી છે. તેનું તાત્કાલિક નિદાન થવું જાઈએ. શેના હિસાબે બ્લીડીંગ છે તે નક્કી કરવું જોઈએ. બ્લીડીંગમાં ત્રણ પ્રકારે ભાગ પાડવામાં આવે છે જેમાં ઓછુ બ્લીડીંગ, મધ્યમ બ્લીડીંગ અને વધારે પડતું બ્લીડીંગ એમ ભાગ પાડીને સારવાર કરવામાં આવે છે.

નીચેની ૩૬ પ્રકારની પરિસ્થિતિમાં રક્તસ્ત્રાવ થાય છે

(૧) ખુલ્લો ઘા (૨) પાઈલ્સ (૩) માસિક તકલીફો (૪) PLATELETS COUNT (ત્રાક કણો) ઓછા થવા (૫) હિમોફિલિયા બી (૬) ક્રિસમસ ડીસીઝ (૭) ફેકટર VII ની ઉણપ (૮)ફેકટર X ની ઉણપ (૯) હેમરેજીક શોક (૧૦) ફેક્ચર

(૧૧) ફેકટર Vની ઉણપ (૧૨) પશુ કરડવાથી (૧૩) DIC (DISSEMINATED INTRAVASCULAR COAGULATION) (૧૪) એબોર્શનના કારણે થતો રક્ત સ્ત્રાવ (૧૫) ઈસોફેગાસ બ્લીડીંગ (૧૬) પાચનતંત્રમાં અલ્સર (૧૭) પેશાબમાં લોહી જવું (૧૮) કોઈ કારણ સર ધમની કાપાઈ જવી (૧૯) પેટમાં ચાંદા પડવા (૨૦) અલ્સરેટીવ કોલાઈટીસ

(૨૧) નાક માંથી લોહી નિકલવું (૨૨) ગુડ પેશ્ચાર સિન્ડ્રોમ (ફેફસા અને કીડની પર અસર) (૨૩) હિમોફિલિયા એ (૨૪)INTUSSUSCPTION (આતરડાંમાં વળ ચડી જવી) (૨૫) પાણીમાં રહેતા પ્રાણી ના કરડવાથી (૨૬)ફેકટર II ની ઉણપ (૨૭) MULTIPLE MYELOMA (૨૮) ACQUIRED PLATELET FUNCTION DISORDER (૨૯) ડેન્ગ્યું ફીવર (૩૦) ખોપડીનું ફેક્ચર

(૩૧) EBOLA વાઈરસ ના રોગ (૩૨) YELLOW ફીવર (૩૩) કાનમાં કોઈ FOREIGN BODY પ્રવેશે (૩૪) આંખની કોઈ તકલીફ (૩૫) BROKEN HIP (૩૬) શ્વાસ ની તકલીફ

- sgpathlab@gmail.com

# પ્રામાણિકતાથી જાત મહેનતનું કમાઈ સ્વમાનથી જીવશો તો જીવન ધન્ય બની જશે

**સ્વમાની શિક્ષક**
- જય ગજ્જર

વીશ વર્ષ પછી હેરી તારંગા લોકલમાં વતન પાનસરમાં આવ્યો હતો. કાર હોવા છતાં જૂની યાદોને તાજી કરવા એ અમદાવાદથી ટ્રેઈનમાં આવ્યો હતો. સ્ટેશનથી ચાલતો ગામમાં જઈ રહ્યો હતો. એ દેરાસર, એ હાઈસ્કૂલ, એ પુસ્તકાલય, એ પંચાયત ઑફિસ, એ જૂની પ્રાથમિક શાળા! ચલચિત્રની જેમ ઘણું બધું આંખ સામે રમી રહ્યું હતું. પ્રાથમિક શાળા જોતાં એ પરસોત્તમ માસ્તર અને એમણે આપેલ જીવનમંત્ર યાદ આવી ગયાં. ''પ્રામાણિકતાથી જાત મહેનતનું કમાઈ સ્વમાનથી જીવશો તો જીવન ધન્ય બની જશે.'' એ શબ્દો જીવનમાં ઉતારવાથી આજ એ અમેરિકા પહોંચ્યો હતો અને એની પાસે ગાડી, બંગલા, ધીકતો ધંધો અને બહોળું કુટુંબ હતું.

ગામમાં પ્રવેશતાં જ એક જૂના મિત્રે સમાચાર આપ્યા, ''આપણા ગુરુજી પરસોત્તમ માસ્તરને અકસ્માત થતાં પથારીવશ છે.'' એ સાંભળતાં જ હેરી સીધો પરસોત્તમ માસ્તરને ઘેર ગયો.

બે હાથ જોડી વંદન કરી સમાચાર પૂછયા.

એક જુવાનિયાએ એની ગર્લફ્રેન્ડને બચાવવા જતાં કેવી રીતે ટકકર મારી જીવલેણ અકસ્માત સર્જ્યો હતો એ વાત ખૂબ જ સહજતાથી કહી બોલ્યા, ''હું તો પાનખરનું પાન છું. ગમે ત્યારે ખરી પડવાનો છું પણ એક જુવાનજોધ છોકરી બચી ગઈ એનો મને આનંદ છે. ડૉકટરનું કહેવું છે કે વીશ હજાર ખર્ચું તો પ્લાસ્ટિકનો પગ મૂકી આપે. પણ એક તો એટલા પૈસા લાવું કયાંથી? અને મારે આ ઉમરે વળી હવે એની શી જરૂર છે?''

પરસોત્તમ માસ્તરની વાત સાંભળી હેરીનું હૈયું પીગળી ગયું.

'ગોડ બ્લેસ યુ, સર. તમારો આપેલ જીવનમંત્ર જીવનમાં ઉતારી આ પાનસરનો હરિ અમેરિકાનો લક્ષાધિપતિ હેરી બની ગયો છે,' નમ્રભાવે કહી નમસ્કાર કરી, એક થેલીમાં પચીસ હજાર રૂપિયા મૂકી એણે પલંગ નીચે એ સરકાવીને વિદાય લીધી.

બેચાર મિત્રોને મળી રેલ્વે સ્ટેશને પહોંચી હેરી ટ્રેઈનમાં બેઠો. ટ્રેઈન ઉપડવાની તૈયારી હતી ત્યાં એક ચૌદ વર્ષનો કિશોર ડબ્બે ડબ્બે ફરી હેરીના ડબ્બા પાસે અટકી હાંફતો હાંફતો બોલ્યો, ''અંકલ, લો આ તમારી બેગ. અમારે ઘેર તમે ભૂલી ગયા લાગો છો.''

હેરીને એક થેલી આપી એ શ્વાસ લેવા અટકયો.

''થેંકસ, કમલ. તને તારા દાદાએ મોકલ્યો ને?''

''હા... એ તમારી ખૂબ પ્રસંશા કરતા હતા. એકાએક પલંગ નીચે આ તમારી બેગ જોતાં એમણે મને દોડાવ્યો.''

''બેટા, તારા દાદાને કહેજે કે આ થેલી મારી નથી. હું કોઈ થેલી લાવ્યો જ નહોતો,'' કહેતાં એને થેલી પાછી આપી.

થેલી પકડી કમલ હેરીના શબ્દોનો અર્થ સમજવા વિચારતો રહ્યો ત્યાં ટ્રેઈન છુક છુક કરતી સરકી ગઈ.

# બેગમપેટ આંતરરાષ્ટ્રીય હવાઈ મથક કયાં આવેલ છે?




## ભારતની ભૂગોળ

(૧) બાબુ જગજીવનરામની સમાધિસ્થળ કયા નામે ઓળખાય છે?
(અ) શાંતિઘાટ (બ) અભયઘાટ
(ક) સમતા સ્થળ (ડ) અહિંસા સ્થળ

(૨) કયું શહેર ઉત્તરપ્રદેશનું 'જાવા' તરીકે ઓળખાય છે?
(અ) લખનૌ (બ) ગોરખપુર
(ક) કાનપુર (ડ) આગ્રા

(૩) ન્યૂ મૂર ટાપુ કયાં આવેલો છે?
(અ) ખંભાતના અખાતમાં (બ) બંગાળની ખાડીમાં
(ક) નારાયણ દેસાઈ (ડ) કન્યાકુમારી પાસે

(૪) નાગા પર્વતનું સૌથી ઊંચું શિખર કયું છે?
(અ) સારામતી (બ) બારામાતી
(ક) નંદનગીરી (ડ) ગુરુ શિખર

(૫) ચૂલિયા ધોધ કઈ નદી પર આવેલ છે?
(અ) કિરણા (બ) જેલમ
(ક) ચંબલ (ડ) ઓરસંગ

(૬) બેગમપેટ આંતરરાષ્ટ્રીય હવાઈ મથક કયાં આવેલ છે?
(અ) કોલકાત્તા (બ) ચેન્નાઈ
(ક) બેંગ્લોર (ડ) હૈદરાબાદ

(૭) વિશ્વનો સૌથી મોટો પશુમેળો કયાં ભરાય છે?
(અ) વૌઠા (ગુજરાત) (બ) ભરતપુર (રાજસ્થાન)
(ક) સોનપુર (બિહાર) (ડ) કાનપુર (ઉ.પ્રદેશ)

(૮) ભારતની સૌથી વધુ નફો રળી આપતી કેરી કઈ છે?
(અ) હાફુસ (બ) બદામ
(ક) આલફોન્ઝો (ડ) કેસર

(૯) વિષ્ણુપ્રયાગ વિદ્યુત પરિયોજના કઈ નદી પર છે?
(અ) અલકનંદા (બ) કાવેરી
(ક) કૃષ્ણા (ડ) સતલજ

(૧૦) સિંદરી કયા ઉદ્યોગ માટે જાણીતું છે?
(અ) સિરામીક (બ) લોખંડ
(ક) રાસાયણિક ખાતર (ડ) સિમેન્ટ ઉદ્યોગ

(૧૧) રાજ સમંદ અને જય સમંદ સરોવરો કયા રાજયમાં આવેલા છે?
(અ) મધ્યપ્રદેશ (બ) જમ્મુકાશ્મીર
(ક) રાજસ્થાન (ડ) તમિલનાડુ

(૧૨) યક્ષગાન કયા રાજયનું લોકનૃત્ય છે?
(અ) કર્ણાટક (બ) ઓરિસ્સા
(ક) તમિલનાડુ (ડ) કેરાલા

(૧૩) ખુદાબક્ષ પુસ્તકાલય કયાં આવેલું છે?
(અ) ઝાંસી (બ) ગ્વાલિયર
(ક) પટના (ડ) લખનૌ

(૧૪) આગાખાન મહેલ કયાં આવેલ છે?
(અ) નાગપુર (બ) પૂણે
(ક) હૈદરાબાદ (ડ) વડોદરા

(૧૫) કયા રાજયની રાજધાનીનું શહેર તે રાજયમાં નથી?
(અ) પંજાબ (બ) હરિયાણા
(ક) જમ્મુ-કાશ્મીર (ડ) ઉત્તરાંચલ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૮ જુલાઈ ૧૯૯૯ — ડેવીડ ઈ લીલીન્થલ : અમેરીકન ભૌતિકશાસ્ત્રી, અમેરીકન એટોમીક એનર્જી કમિશનના પ્રથમ ચેરમેન
- ૮ જુલાઈ ૧૮૯૫ — ઈગોર યમ : સોવિયેત ભૌતિકશાસ્ત્રી, ૧૯૫૮માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૯ જુલાઈ ૧૮૯૪ — સ્પ્રેસી સ્પેન્સર : અમેરીકન એન્જીનીયર તથા સંશોધક, માઈક્રોવેવ ઓવનનો આઈડિયા આપનાર
- ૯ જુલાઈ ૧૮૫૮ — ફ્રેન્ઝ બોસ : ઝર્મન-અમેરીકન એન્થ્રોપોલોજીસ્ટ, કલ્ચર - સેન્ટર્ડ સ્કૂલ શરુ કરનાર
- ૧૦ જુલાઈ ૧૮૫૬ — નિકોલા ટેસ્લા : સાયબેરીયન - અમેરીકન સંશોધક, ૧૮૮૩માં એ.સી. મોટર બનાવનાર
- ૧૦ જુલાઈ ૧૮૫૬ — અલ્વાન ગ્રેહામ કલાર્ક : અમેરીકન એસ્ટ્રોનોમર રીફ્રેકટીંગ ટેલીસ્કોપની વિવિધ ડિઝાઈન આપનાર
- ૧૧ જુલાઈ ૧૮૫૭ — સર જોસેફ લારમોર : આઈરીસ ભૌતિકશાસ્ત્રી, ઈલેક્ટ્રોનની ગતિ દ્વારા ઉત્પન્ન થતી ઉર્જાની ગણતરી કરનાર
- ૧૧ જુલાઈ ૧૮૨૬ — જહોન ફલોવર : ઈંગ્લીશ એન્જીનીયર, વરાળ યંત્રનો ઉપયોગ કરી પ્લોગ બનાવનાર
- ૧૨ જુલાઈ ૧૮૯૫ — આર. બકમીનીસ્ટર ફુલર : અમેરીકન સંશોધક, જીઓડેસીક ડોમ બનાવનાર
- ૧૨ જુલાઈ ૧૮૩૩ — સૌલ દુસ્માન : રશિયન-અમેરીકન રસાયણશાસ્ત્રી, વેક્યુમ સાયન્સ ટેકનોલોજીના માસ્ટર
- ૧૩ જુલાઈ ૧૮૨૬ — સેનીસ્લાઓ કેન્નીઝારો : ઈટાલીયન કેમીસ્ટ, એટોમીક તથા મોલેક્યુલર વેઈટ ડિફાઈન કરનાર
- ૧૩ જુલાઈ ૧૭૭૯ — વિલિયમ હીડલી : કોલ માઈન એન્જીનીયર, સ્ટીમ એન્જીન સંચાલિત કોલસા ખોદવાનું મશીન બનાવનાર
- ૧૪ જુલાઈ ૧૮૫૭ — ફ્રેડ એલ. માયટેગ : અમેરીકન સંશોધક તથા ઉદ્યોપતિ, થ્રેસલીંગ મશીન બનાવનાર

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : યુરોપિયન રાષ્ટ્ર સમૂહમાંથી નીકળી જવા માટે તાજેતરમાં કયા દેશમાં જનમત લેવાયો? જવાબ : બ્રિટન**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી
(૪) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**જાણીતા 'ઈરમા' સંસ્થા કયાં આવેલી છે?**

'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

### સાચા જવાબો

(૧) ક (૨) બ (૩) બ (૪) અ (૫) ક (૬) ડ (૭) ક (૮) ક (૯) અ (૧૦) ક (૧૧) ક (૧૨) અ (૧૩) ક (૧૪) બ (૧૫) બ

# અષાઢને પહેલે દિવસે....






હિમાલયની પર્વતમાળાના ઈશાન ખૂણે અર્ધદૈવી પ્રક્ષ પક્ષોની નગરી હતી. ત્યાં વિશ્રવાના પુત્ર કુબેરનું શાસન હતું. તે અનન્ય શિવભક્ત હતા. તે રોજ સૂર્યોદય સમયે સરોવરમાંથી તાજું કમળ ચડાવતા હતા. એનો સેવક યક્ષ આ લાવી આપતો.

એકવાર કુબેરે નિત્યક્રમ પ્રમાણે કમળ ચડાવ્યું. એ વખતે સૂર્યનું પ્રથમ કિરણ કમળ પર પડ્યું એની સાથે જ કમળ પૂરેપુરું ખીલ્યું. પરંતુ એમાંથી ભ્રમર નીકળ્યો! એને વિચાર આવ્યો - 'આ કમળ યક્ષે ગઈ કાલે સાંજે ચૂંટેલું છે. એ વખતે સૂર્યાસ્ત થતાં કમળ બીડાયું તેમાંનો આ ભ્રમર છે.' એણે સેવક યક્ષને બોલાવ્યો. એણે કબૂલ કરી લીધું. સવારે પત્નીને છોડીને જવું ન પડે એથી આ કમળ કાલે સાંજે ચૂંટેલું છે.' ફરજમાં બેદરકારી બદલ કુબેરે એને શાપ આપ્યો. એનો દૈવી મહિમા જતો રહ્યો અને તે એક વરસ માટે દેશનિકાલ થયો.

યક્ષે નિવાસ માટે રામગિરિ પસંદ કર્યો. અહીં સીતાનાં સ્નાનથી પવિત્ર બનેલાં જળાશયો હતા. આશ્રમવૃક્ષોની ઘેઘૂર શીળી છાયા હતી. તે યક્ષિણીના વિહરમાં દુર્બળ થઈ ગયો, બાજુ બંધ સરીને કાંડા ઉપર આવી ગયું. આઠ મહિના તો એણે જેમતેમ કરીને પસાર કર્યા; પરંતુ હવે ન રહેવાયું. અષાઢ સુદ એકમે - આષાઢસ્ય પ્રથમ દિવસે - એણે મેઘને જોયો. પર્વતને વળુંભીને પડ્યો હતો - જાણે ક્રીડા કરતો ગજરાજ! એણે નિર્ણય કર્યો - આ મેઘ સાથે યક્ષિણીને સંદેશો મોકલવો. શું એને ખબર નથી કે આ મેઘ તો માત્ર ધૂમાડો, સૂર્યપ્રકાશ અને પવનનો સંયોગ જ છે! આની પાસે સંદેશો લેવા - આપવા જેવી ચપળ ઈન્દ્રિયો નથી! છતાં એણે નિર્ણયનો અમલ કર્યો. વિરહમાં વ્યાકુળતા વધી જાય તો કોઈને પણ ચેતન - અચેતનનો ભેદ ભૂલાઈ જાય.

સંદેશો કહેતાં પહેલાં યક્ષે મેઘને રામગિરિથી નગરી અલકા સુધીનો ગન્તવ્ય માર્ગ કહ્યો -

'રસ્તામાં તને નર્મદા નદી જોવા મળશે. તે કોતરોમાંથી પસાર થતી હોય એટલે ગતિ વિષમ થઈ જાય પછી વિધ્યાચળના ચરણોમાં પોતાનો સમર્પિત કરી દે. ગામડાંની ભોળી નારીઓ તને હોંશભેર આંખે જે જવું કરી ને જોશે! તારો રસ્તો આડો ફંડાય તો પણ તારે ઉજ્જયિની તો જવાનું જ! આ નગરી તો સ્વર્ગમાંથી છૂટા પડેલો એક ચમકતો ટૂકડો છે. સાંજે મહાકાળની આરતી થતી હોય, ત્યારે તારે ધીમે ધીમે ગર્જન કરવું અને નગારું વગાડતા હો એવો સંતોષ લેવો. અહીંની રાજકન્યાને રાજા ઉદયન ઉઠાવી ગયો હતો. એની કથાના જામણકાર વડીલો અહીં જોવા મળશે.'

અલકા નગરી તો દિવ્ય છે. બધી ઋતુઓનાં પુષ્પોનો શણગાર નારીઓ એક સાથે કરે છે. કૈલાસ પર્વત પર શિવજી બિરાજે. એના મસ્તકના ચંદ્રની ચાંદનીથી અહીંના મહેલો ધોળાય છે.

બહાર બાલમંદારનું વૃક્ષ હોય તેને મારું ઘર જાણે જે, ત્યાં તને તારી ભાભી જોવા મળશે. તે પિંજરમાં રહેલી મેનાને 'પૂછતી હશે - અરે રસિકા! તું જેને પ્રિય હતી એ સ્વામીને તું યાદ તો કરે છે ને?' તે ખોળામાં વીણી રાખીને ગીત ગાવાનો પ્રયત્ન કરશે. મારે લગતું ગીત પણ વારંવાર ભૂલી જશે. રાતમાં નિંદરમાંથી સફાળી બેઠી થઈ જતી હશે, નિંદરમાં જ બે હાથ ફેલવાતી હશે. આમ તો એ મારા વિરહમાં જીવે જ નહીં. પણ પુનર્મિલનની આશા છે. એ એના પ્રણથી હૃદયને ટકાવી રાખશે. આશાનું બંધન એવું છે. સ્ત્રીઓનાં હૃદયો વિરહમાં ટકી રહે.

તારે એને સંદેશો કહેવો - 'અત્યારે આપણી ખરાબ દશા તો પૈડાની ધરી જેવી છે. એ નીચે જાય છે તેમ ઉપર પણ જાય છે.'

હવે ચાર માસ બાકી છે. જેમ તેમ કરીને આંખો મીંચીને પસાર કરી દેજે. પછી તો ભગવાન સારંગપાણિ શેષનાગ પરથી ઊભા થશે અને મારા શાપનો અંત આવશે. ત્યાર પછી આપણે પહેલાંની જેમ આનંદપૂર્ણ રાત્રિઓ પસાર કરશું.'

હે મેઘ! તારી ભ્રાતૃજાયા - ભાભીને આ સંદેશો આપજે. મારું તો જે થયું, તે ભલે થયું પરંતુ તારો તારી પ્રિયતમા વીજળી સાથે કયારેય પણ વિયોગ ન થાવ.'

યક્ષે પોતાનાં વકતવ્યને અંતે આ રીતે મેઘને શુભેચ્છા આપી.